## મુદ્દા નં. ૧૮
## જમીનની બીનખેતી ઉપયોગ કરવાની પરવાનગી મેળવવા અંગે જોગવાઈ
### જમીન મહેસુલ અધિનિયમની કલમ–૬૫ હેઠળ

**૧. જોગવાઈ** : ખાનગી માલીકીની જમીનો બીનખેતી વિષયક ઉપયોગ કરવા અંગે જમીન મહેસુલ કાયદા કલમ–૬૫ હેઠળ તથા વગર પરવાનગીએ કરેલ બીનખેતીનું કૃત્ય નિયમબધ્ધ કરવા કલમ ૬૬ / ૬૭ તથા નિયમોના નિયમ–૧૦૦, ૧૦૧ હેઠળ જોગવાઈઓ કરવામાં આવેલ છે.બીનખેતીના હેતુ માટે જમીનનો ઉપયોગ કરવા મ્યુનિસીપલ સ્થાનીક શહેરી વિકાસ સતા મંડળ(ઔડા) માં નકશા રજુ કરી, ફી ભર્યાની પહોંચ મેળવ્યા બાદ નિયત નમુનાના અરજીપત્રકમાં અરજી કરવાની રહેશે.

**૨. અરજી કોને કરવી** : ૧. જિલ્લામાં ઓડા તાલુકાની ઓડામાં સમાવિષ્ટ નગરપાલિકા વિસ્તારની બીનખેતીની પરવાનગી સત્તાઓ કલેકટરશ્રી હસ્તક છે ..... સી તથા ડી કક્ષાની નગરપાલિકા વિસ્તારમાં સંબંધિત પ્રાંત અધિકારીશ્રીને

૨. મહાનગરપાલિકા વિસ્તાર, શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તાર, વિકાસ સત્તા મંડળ, નોટીફાઈડ એરીયા અને કેન્ટોનમેન્ટ એરિયામાં સમાવિષ્ટ થતો વિસ્તાર તથા "એ" અને "બી" કક્ષાની નગરપાલિકાઓ વિસ્તારની જમીન માટે બીનખેતીના અધિકારો જમીન મહેસુલ કાયદા કલમ–૬૫ હેઠળ કલેકટરશ્રીને છે. તથા તથા કલેકટરશ્રીના અનામત રાખેલ અધિકાર સિવાયના વિસ્તાર માટે કલમ–૬૬ / ૬૭ હેઠળ વગર પરવાનગીએ કરેલ બીનખેતીનું કૃત્ય નિયમબધ્ધ કરવાની સત્તાઓ નાયબ કલેકટરશ્રી એન.એ. ભોગવે છે. જેથી બીનખેતી પરવાનગી મેળવવા તથા વગર પરવાનગી ધરાવતાએ બીનખેતીનું કૃત્ય નિયમબધ્ધ કરવા જે વિસ્તાર માટે સત્તા સક્ષમ અધિકારીશ્રીને અરજી કરવાની રહે છે. અરજીનો નમુનો સામેલ છે. (પરિશિષ્ટ–૧/૧૮ મુજબ)

**૪.નિકાલની સમય મર્યાદા** : જમીન મહેસુલ કલમ ૬૫ હેઠળ ખુલ્લી જમીનની બીનખેતી પરવાનગી જે તે અધિકારીશ્રીએ ત્રણ માસ (૯૦ દિવસ) માં આપવાની વૈદ્યાનિક જોગવાઈ કરવામાં આવેલ છે.

| કલેકટરશ્રીના કાર્યક્ષેત્ર માટે | | પ્રાંત અધિકારીશ્રીના કાર્યક્ષેત્ર માટે | |
|---|---|---|---|
| કલેકટરશ્રી | ૩૦ દિવસ | પ્રાંત અધિકારીશ્રી | ૩૦ દિવસ |
| પ્રાંત અધિકારીશ્રી | ૧૫ દિવસ | મામલતદારશ્રી | ૨૦ દિવસ |
| મામલતદારશ્રી | ૧૫ દિવસ | તલાટી/સર્કલ ઓફિસર | ૪૦ દિવસ |
| તલાટી/સર્કલ ઓફિસર | ૩૦ દિવસ | કુલ.. | ૯૦ દિવસ |
| કુલ.. | ૯૦ દિવસ | | |

- **અરજદારશ્રીએ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશ. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧. નિયત નમુના મુજબનું સોગંદનામું (પરિશિષ્ટ–૨/૧૮ મુજબ)
૨. બાંધકામ શરુ કરેલ હોય તો તે બદલ દંડ ભરવા અંગે સંમતિપત્રક (પરિશિષ્ટ–૩/૧૮ મુજબ)
૩. સ્થળસ્થિતી અંગેના ૪ ફોટોગ્રાફ તારીખ સાથેના અલગ અલગ ખૂણાથી લીધેલા.
૪. બીનખેતીના ઉપયોગ માટે લેવાની જમીનનો ગામ ન.નં–૮/અ (ખાતા નંબર)
૫. ગામ નમુના નં.–૬ ની : ઉત્તરોતર નોંધોની નકલ (છેલ્લા પચાસ વર્ષની)
૬. ગામ નમુના નં. ૭ / ૧૨ ની નકલો (છેલ્લા પચાસ વર્ષની)
૭. પ્રિમિયમપાત્ર જમીન હોય તો, પ્રિમિયમ ભરાયાના આધાર તથા થયેલ હુકમની નકલ
૮. બોજો હોય તો તે કમી થયાનો આધાર
૯. ટી.પી. અંતર્ગત ક્ષેત્રફળ ફાળવ્યા અંગે "એફ" ફોર્મ– / નગર રચના અધિકારીનો પત્ર
૧૦. ગુડા / ઔડા મ્યુનિસિપલએ આપેલ વિકાસ પરવાનગી / રજાચિઠ્ઠીની પ્રમાણિત નકલ
૧૧. જે હેતુ માટે ઉપયોગ કરવા માંગે છે તે હેતુ માટે ગુડા / મ્યુનિસિપલ પ્લાન મંજુર કરેલ હોય તો તે પ્લાનની નકલ.
૧૨. શરતભંગ બદલ કોઈ કાર્યવાહી થયેલ છે? તેના આધાર / હુકમ
૧૩. કોર્ટ લીટીગેશન / અપીલ / રીવીઝનલ સંપાદન ચાલુ હોય તો તેના આધાર / હુકમ
૧૪. માંગણીવાળી જમીન રેલ્વે નજીકથી પસાર થતી હોય તો જમીનથી આશરે ૩૦ મીટર / ૧૦૦ ફુટની અંદર આવેલ હોય તો રેલ્વે સત્તાનું "ના વાંધા પ્રમાણપત્ર "
૧૫. પેટ્રોલ પંપ, ફલોર મીલ, સિનેમા–થીયેટર વગેરે જેવા કામો માટે લાયસન્સ
૧૬. ઈન્ડીયન એક્ષપ્લોઝીવ એકટ અન્વયે મેગેઝીન, હાયર વર્કસ, દારૂખાના વિ.ના બાંધકામ માટે જિલ્લા મેજીસ્ટ્રેટનું અધિકારીશ્રીએ આપેલ "ના વાંધા પ્રમાણપત્ર"
૧૭. સવાલવાળી જમીન એરોડ્રામની હદથી નિયત ત્રિજયામાં આવતી હોય તો અરજી સાથે સિવિલ એવીએશન ખાતાના અધિકારીનું "ના વાંધા પ્રમાણપત્ર "ની નકલ
૧૮. ઔધોગિક હેતુ માટે મંજુરી માંગેલ હોય તો ઉધોગ અધિકારીશ્રીના "ના વાંધા પ્રમાણપત્ર" ની નકલ.
૧૯. જે જમીન બિનખેતી કરવાની હોય તેની માપણી ફી ભર્યાના ચલણની નકલ સૈધાંતિક મંજુરી મળ્યા બાદ રજુ કરવાની રહેશે.

નૌધ :– અધૂરી વિગતો/ નકલો સીવાયનું ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.

**અરજી ૧ અસલ અને ૩ ઝેરોક્ષ સેટ નકલમાં રજુ કરવી.**

# પરિશિષ્ટઃ–૨

જમીન મહેસુલ કાયદાની કલમ –૬૫ હેઠળ કરવાની થતી બિનખેતી પરવાનગી માટેની અરજીનો નમૂનો

| કોર્ટ ફી સ્ટેમ્પ<br>રૂા. ૩–૦૦ |
|---|

પ્રતિ,
જિલ્લા કલેકટરશ્રી/જિલ્લા વિકાસ અધિકારી શ્રી/
પ્રાન્ત અધિકારી શ્રી/તાલુકા વિકાસ અધિકારી શ્રી

**વિષયઃ જમીન મહેસુલ કાયદાની કલમ ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી આપવા બાબત.**

હેતુ..............................................

૧. કબજેદારનું પુરું નામ અને સરનામું : ..........................................................
..........................................................
..........................................................
..........................................................
..........................................................

| | | | |
|---|---|---|---|
| ૨. જે જમીન બિનખેતી ઉપયોગમાં લેવાની છે. તે જમીનની વિગત | (ક) ગામનું નામ | : | .............................................. |
| | (ખ) તાલુકો | : | .............................................. |
| | (ગ) જિલ્લો | : | .............................................. |
| | (ઘ) સર્વે નંબર | : | .............................................. |
| | (ચ) બ્લોક નંબર | : | .............................................. |
| | (છ) સીટી સર્વે નં | : | .............................................. |
| | (જ) ફાઈનલ પ્લોટ નંબર | : | .............................................. |
| | (ઝ) ટી.પી. સ્કીમ નંબર | : | .............................................. |
| | (ટ) જમીનનું ક્ષેત્રફળ(ચો.મી) | : | .............................................. |

| | | |
|---|---|---|
| ૩. જે જમીન બિનખેતી | (ક)મહાનગરપાલિકા વિસ્તાર | |
| કરવાની છે તે કયાં | (ખ) શહેરી વિસ્તાર વિકાસ સત્તા મંડળ | |
| આવેલી છે ? તેની | (ગ) નોટીફાઈડ એરીયા | |
| વિગત દર્શાવવા | (ઘ) કોન્ટોનમેન્ટ એરીયા | |
| ખાનામાં | (ચ) નગરપાલિકા વિસ્તાર | |
| ટીક કરવી | (છ) ૫૦૦૦ થી ઓછી વસતિ વાળો ગ્રામ્ય વિસ્તાર | |
| | (જ) ઉપર જણાવેલ સિવાયનો ગ્રામ્ય વિસ્તાર | |

| | | |
|---|---|---|
| ૪. બિનખેતી પરવાનગી માંગી હોય તેનો હેતુ | (ક) રહેણાંક | |
| | (ખ) સખાવતી | |
| | (ગ) શૈક્ષણિક | |
| | (ઘ) ખનિજ,ઈંટ ઉત્પાદન અને અન્ય ઉધોગ | |
| | (ચ) વાણિજય | |
| | (છ) અન્ય........ | |

| | | |
|---|---|---|
| ૫. પ્રશ્ન હેઠળની જમીન કયા ઝોનમાં આવેલ છે. ? | (ક) રહેણાંક | |
| | (ખ) ઉધોગ | |
| | (ગ) વાણિજય | |
| | (ઘ) અન્ય ......... | |

૬.બિનખેતી પરવાનગી
જો હંગામી ધોરણે / (ક) સમય : દિવસ ............ માસ ............. વર્ષ .............
કામ ચલાઉ માંગી હોય (ખ) ................................... હેતુ
તો કેટલા સમય અને
હેતુ માટે ?

| | | |
|---|---|---|
| ૭. જમીનનો સત્તા પ્રકાર કયો છે. ? | (૧) નવી શરત | |
| | (૨) પ્રતિબંધિત સત્તા પ્રકાર | |
| | (૩) જૂની શરત | |
| | (૪) ખેત જમીન ટોચ મર્યાદા હેઠળની જમીન | |
| | (૫) ભુદાન હેઠળની જમીન | |
| | (૬) અન્ય | |

૮. નવી શરતની / (૧) કલેકટરશ્રી ધ્વારા બિનખેતીના
પ્રતિબંધિત સત્તા હેતુ માટે જુની શરતમાંપ્રકારની
જમીન હોય ફેરવવાનો હુકમ કરવામાં આવ્યો
તેવા કિસ્સામાં :– છે. જો હા તો તે હુકમનો
નંબર : ....................
તારીખ : ....................
(૨) પ્રિમિયમ ભર્યાની પહોચની નકલ

૯. પ્રશ્ન હેઠળની જમીનમાં આ અગાઉ બિનખેતી પરવાનગી : હા ☐
મેળવવા માટે અરજી કરવામાં આવી હતી ? ના ☐
જો હા તો તેની વિગતો રજુ કરવી.

૧૦. પ્રશ્ન હેઠળની જમીનમાં આ અરજી કરતા પહેલા બાંધકામ : હા ☐
શરૂ કરવામાં આવ્યું છે.? ના ☐

ઉપરોકત એન એ. પરમીશન મેળવવા અમોએ જે વિગતો આપેલ છે તે અમારી જાણ મુજબ સાચી છે. આ સંદર્ભે સરકારશ્રીની જે કાંઈ શરતો હશે તેનું પાલન કરવા અમો બંધાયલા છીએ.

સ્થળ: ............................................
............................................
............................................

તારીખ: ............................................
............................................
અરજદારની સહી/નામ/અંગુઠાનું નિશાન

**સુચના: (૧) એક કરતાં વધુ કબજેદાર હોય તો તમામ કબજેદારોએ સહી કરવી.**

અરજદારનો
પાસપોર્ટ
સાઈઝનો
ફોટોગ્રાફ

# પરિશિષ્ટઃ–૨/૧૮
# સોગંદનામું

(રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર પર કરવાના સોગંદનામાનો નમૂનો)

હું નીચે સહી કરનારશ્રી ............................................................... ઉ.વ.........................ધંધો......................જાતે....................................... ................રહેવાસી........................................................................... ..............................................................તે આથી મારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે,

૧. હું ઉપર દર્શાવેલ સરનામે રહું છું. અને મોજેઃ ........................................ ના સર્વે.નં............................ ફાઈનલ પ્લોટ નં...............................................ની શહેરી જમીન ટોચ મર્યાદા ધારો – ૧૯૭૬ની કલમ– ૨૦ અથવા કલમ– ૨૧ હેઠળની મુક્તિવાળી / મુક્તિ સિવાયની/ કલમ–૨૩ હેઠળસરકારશ્રી ને ફાળવેલ .......................... ચો. મી. જમીનનો કુલ ધારક છું. / જમીનનો કુલમુખત્યાર ધરાવનાર વ્યકિત છું.

૨. સવાલવાળી જમીન ધારકના શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ– ૧૯૭૬ હેઠળની જોગવાઈઓ અનુસાર ફાજલ થયેલ નથી. અથવા ફાજલ થયેલ છે. પરંતુ તેનો કબજો સરકારે સંભાળેલ નથી.

૩. સવાલવાળી જમીન આજની તારીખે અમારા કબજામાં છે. તથા તે જમીન અંગે કોઈ સત્તાધિકારી / સત્તામંડળ, ટ્રીબ્યુનલ કે ન્યાયાલયમાં કોઈપણ જાતનો વિવાદ નિકાલ માટે પડતર નથી.

૪. સવાલવાળી જમીનના સુચિત ઉપયોગ / ટ્રાન્સફરીટી પ્રસ્તુત જમીન પ્રમાણના (ટોચ મર્યાદા અને નિયમન) અધિનિયમ– ૧૯૭૬ની કલમ– ૨૦(૧), કલમ– ૨૩ હેઠળ થયેલ કોઈ હુકમની જમીનનો ભંગ થયો નથી.

૫. જો ઉપર દર્શાવેલ હકીકત પૈકીની કોઈપણ હકીકત ખોટી માલુમ પડશે તો તમોને આપવામાં આવતી બિન ખેતીની મંજુરી / સદર જમીનના પ્લાન નકશાની મંજુરી તેમજ દસ્તાવેજની નોંધવા અંગેની પરવાનગી આપોઆપ રદ થયેલી જણાશે.

૬. અમો એ બાબતે પણ બાહેંધરી આપીએ છીએ કે ઉપર જણાવ્યા મુજબની કોઈપણ વિગતો ખોટી અથવા ગેરમાર્ગે દોરનાર કે છેતરપીંડી છે તો આવી આપવામાં આવેલી બિનખેતી / નકશાની મંજુરી અને અથવા તબદીલી દસ્તાવેજ નોંધણીની પરવાનગી ઉપર ક(૫) માં દર્શાવ્યા મુજબ રદ થવાની પરિસ્થિતિ અંગેની સઘળી જવાબદારી અમારે અદા કરવાની રહેશે, અને રાજ્ય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.

૭. સવાલવાળી જમીન સ્થળે ખુલ્લી છે./ સવાલવાળી જમીનમાં સ્થળે .................. ચો.મી.જમીનમાં સને ........... ના વર્ષથી વાણિજય/રહેણાંક હેતુ માટેનું/ઔધોગિક માટેનું/ બાંધકામ વગર સ્થળનું બાંધકામ કરવામાં આવેલ છે.

આ સાથે તેને લગતા ફોટોગ્રાફસ ૪ રજુ કરું છું તથા તેની પાછળ ઉતર/દક્ષિણ/પૂર્વ/પ્રશ્ચિમ તે પ્રમાણે દિશાઓ બતાવેલ છે. આ જમીનની ચતુ:સીમા નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| પૂર્વે | : | પશ્ચિમે | : |
| ઉત્તરે | : | દક્ષિણે | : |

ઉપર જણાવેલ સઘળી હકિકત મારી જાણ મુજબ ખરી અને સત્ય છે અને ખોટું સોગંદનામું કરવું તે ગુન્હો બને છે તે હકિકત ઘ્યાને લઈ આજે તા.................................ના માહે..............
.......................................................ના અને ...........................ના રોજ.......................
સ્થાને મારી સંપુર્ણ સભાન અવસ્થામાં, બિનકેફ હાલતમાં મારા ધંર્મના સોગંદ ઉપર જાહેર કરુ છું.

"સવાલવાળી જમીનની ગણોતધારા કલમ–૪૩ ના નિયંત્રણ મુકતિના આદેશ સમયે/ગણોતધારા કલમ –૬૩ અને ૬૩એએ ના મંજુરી સમયે અગાઉની બીનખેતી પરવાનગીના સમયે લીગલ શાખા/ ગણોતશાખા/યુએલસી/તથા જમીન સંપાદન અંગેના અભિપ્રાયો લેવામાં આવેલા ત્યારબાદ આજની તારીખ સુધીમાં ઉપરોકત તમામ બાબતોએ સવાલવાળી જમીન ના કિસ્સામાં કોઈ પણ બાબતે જે તે વખતે આવેલા અભિપ્રાયોથી વિરુઘ્ધ બાબતની કાર્યવાહી થયેલ નથી. તેની અમોએ ખરાઈ કરી છે અને તે બાબતે હું જાણું છું કે,તેથી તેના અભિપ્રાયની જરૂરીયાત નથી.તેમ હું સોગદ પુર્વક જણાવું છું"

સદરહુ સોગદનામું અમારે બીનખેતી પરવાનગી મેળવવાના કામે કલેકટર કચેરીમાં રજુ કરવાનું હોવાથી કરાવેલછે.

**નોંધ** :– તમામ કબજેદારોએ અલગ વ્યકિતગત સોગદનામું કરવાનું રહેશે. તથા નિયત નમૂના મુજબ અલગથી સોગદનામું તૈયાર કરી રજુ કરવું ફકત નમૂનામાં ખાલી જગ્યા ભરી રજુ કરેલ સોગદનામું સ્વીકારવામાં આવશે નહી.

...........................................
(સહી / વિગતવાર નામ / સરનામા સાથે)

# પરિશિષ્ટ :– ૩/૧૮
# બીનખેતી પરવાનગી મેળવવાના કામે અરજદારે રજુ કરવાનું સંમતિપત્ર

૧. કબજેદારનું નામ / સરનામું

..............................................................................

૨. બીનખેતી પરવાનગી મેળવવા માંગતા હોય તો તે જમીનની વિગત
મોજે.......................તાલુકો..........................

સર્વે.નં ...................ટી.પી
.......................ફા.પ્લોટનં....................ક્ષેત્રફળ................

મેં / અમો ઉપર દર્શાવેલ જમીનના કબજેદાર છીએ તથા મેં / અમો આ જમીનનો બીનખેતી ઉપયોગ કરવા પરવાનગી મેળવવા માંગણી કરેલી છે પરંતુ પ્રશ્નવાળી જમીનમાં અમોએ બીનખેતી પરવાનગી મેળવવા પહેલા સ્થળે બાંધકામ શરુ કરેલ છે પુર્ણ કરેલ છે જેથી વગર પરવાનગીએ મેં/ અમોએ બીનખેતી ઉપયોગ બદલ અમો નિયમાનુસાર થતાં દંડની રકમ ભરવા સંમત છીએ. જે સંમતિ માન્ય રાખી, અમોને બીનખેતી પરવાનગી આપવા વિનંતી છે.

સ્થળ :

....................................................

તારીખ : કબજેદારની સહી/નામ/અંગુઠાનું નિશાન

કલેકટર કચેરી

પ્ર. ૧.૦

| |
|---|
| અરજદારનો<br>તાજેતરનો<br>ફોટોગ્રાફ |

## પરિશિષ્ટ – ૪/૧૮
## અરજદારનો રૂબરૂ જવાબ

અમો નીએ સહી કરનાર ... ........................................................
..........................................................................................
રહેવાસી .............................................................................
તા................ જિ................... ધંધો. ................................. તે આજ રોજ રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે,

મોજે.......................... તાલુકો ..................... ની સર્વેનંબર .................... ની ક્ષેત્રફળ .................. ચો.મી વાળી જમીન રેકર્ડમાં અમારા નામ ચાલે છે. આ જમીન હાલમાં સ્થળે પ્રત્યક્ષ કબજાના ભોગવટાની આવેલી છે અને અમો જાતે ખેતી કરીએ છીએ. ટી.પી.સ્કીમ અંતર્ગત અમોને નીચે મુજબ જમીનની ફાળવણી થયેલ છે, જે જમીનમાં અમો ................................ ના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માંગીએ છીએ. જે અંગે અમોએ ગુડા / સ્થાનિક ઓથોરીટી પાસેથી પ્લાન મંજુર કરાવી, વિકાસ પરવાનગી મેળવેલ છે.

..........................................................................................

| સર્વ / બ્લોક નં. | ટી.પી. સ્કીમ નંબર | ફાઈનલ પ્લોટ નંબર | ક્ષેત્રફળ |
|---|---|---|---|

..........................................................................................

પ્રશ્નવાળીવાળી જમીન સ્થળે ખુલ્લી છે. જેમાં અમોએ કોઈ બાંધકામ કરેલ નથી. અથવા મપ્રશ્નવાળી જમીનમાં અમોએ પ્લાન મંજુર કરાવી બાંધકામ શરૂ કરાવેલ છે./પૂર્ણ કરેલ છે. તથા અમોએ ...............વર્ષથી વગર પરવાનગી એ બીનખેતી કૃત્ય કરેલ છે તે બદલ સરકારશ્રી ઠરાવે તે દંડની રકમ ભરવા અમો સંમત છીએ.

ઉપર મુજબનો જવાબ અમારા લખાવ્યા મુજબ બરાબર અને ખરો છે. જે બદલ અમોએ નીચે સહીઓ કરેલ છે.

સ્થળ : ............................................................

તારીખ : ............................................................

તમામ કબજેદારોની સહી / નામ / અંગુઠાનું નિશાન

મારી રૂબરૂ

............................................................

તલાટી કમ મંત્રી / સર્કલ ઓફિસરની સહી / નામ / સિક્કો

નોંધ : ફોટો તલાટી/સ.ઓ પ્રમાણીત કરવો

## પરિશિષ્ટ – ૫/૧૮
## સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું

| અ.નં. | નામ | ઉ.વ. | ધંધો |
|---|---|---|---|

૧.
રહેવાસી........................................................................................................
૨.
રહેવાસી........................................................................................................

આથી અમો ઉપર જણાવેલ પંચો આજરોજ તલાટી .................................... ના બોલાવવાથી રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ, કે મોજે ............................તા......................... ની સીમના સર્વ નંબર બ્લોક નંબર ................................ વાળી જમીન રેકર્ડમાં ..............................ના નામે ચાલે છે. જમીનમાં હાલમાં છેલ્લાં ............................... વર્ષથી પ્રત્યક્ષ કબજો તેઓનો છે. આ જમીનમાં .................................. નું વાવેતર કરેલ છે.

આ જમીનની સ્થળે ખાત્રી કરતાં તે હાલમાં સ્થળે ખુલ્લી છે. તેમાં ખેતી થાય છે અને બાંધકામ થયેલ નથી. અથવા પ્રશ્નવાળી જમીનમાં તેઓએ પ્લાન મંજુર કરાવી બાંધકામ પૂર્ણ કરેલ છે/શરૂ કરાવેલ છે. હાલમાં આશરે ................................... ચો.મી જમીનમાં બાંધકામ કરવામાં આવેલ છે. જે વગર પરવાનગીનું બાંધકામ .................................. વર્ષથી કરેલ છે.

વગર પરવાનગીના બાંધકામની વિગતો નીચે મુજબ છે.
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
..........................................................................................................
આ જમીનનો બીનખેતી હેતુ માટે ઉપયોગ થાય તો આજુબાજુ વાળાને કાંઈ વાંધા સરખુ નથી.
આ જમીનની ચતુ:સીમાની વિગત નીચેમુજબ છે.

ઉત્તરે :..................................
પૂર્વે : ..................................
પશ્ચિમે: ..................................
દક્ષિણે :..................................

૧. પ્રશ્નવાળી જમીન હાલ સ્થળે ખુલ્લી છે/કોઈ વાવેતર નથી/છે.
૨. પ્રશ્નવાળી જમીનમાં કોઈ ઝાડ આવેલ નથી/......................... ઝાડ આવેલ છે.
૩. પ્રશ્નવાળી જમીનમાં કોઈ બાંધકામ નથી/છે.
૪. પ્રશ્નવાળી જમીનમાંથી એન.જી.સી.ની પાઈપલાઈન પસાર થતી નથી/...................... મીટરના અંતરે આવેલ છે.
૫. પ્રશ્નવાળી જમીનમાંથી ઈલેક્ટ્રીક લાઈન પસાર થતી નથી/ ............................... મીટરના અંતરે ................................. છેડેથી પસાર થાય છે. જે બાંધકામ માટે નડતરરૂપા નથી/છે.
૬. પ્રશ્નવાળી જમીનમાંથી ટેલીફોન લાઈન પસાર થતી નથી/................................ મીટરના અંતરે પસાર થાય છે.
૭. પ્રશ્નવાળી જમીન નજીક સ્મશાન આવેલ નથી./ જમીનથી આશરે .................................. મીટર જેટલું દુર આવેલ છે.

૮. પ્રશ્નવાળી જમીન નજીક રક્ષિત સ્મારક આવેલ નથી.
૯. પ્રશ્નવાળી જમીન નજીક વનવિસ્તાર આવેલ નથી.
૧૦. પ્રશ્નવાળી જમીન નજીક તળાવ આવેલ નથી/જમીનની આશરે .............................. મીટર દુર .................................. નામનું તળાવ આવેલ છે.
૧૧. પ્રશ્નવાળી જમીન પીયત થતી નથી.
ઉપરનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરાબર અને ખરું છે. વાંચી સમજી નીચે સહીઓ કરેલ છે.
સ્થળ : ૧ ........................................
તારીખ : ૨. .......................................

મારી રૂબરૂ

......................................................
તલાટી કમ મંત્રીની સહી / નામ / સિક્કો

ઉપરના પંચનામા મુજબની હકીકતો મે જાતે રૂબરૂ તપાસ કરેલ છે. અને તે બરાબર માલુમ પડેલ છે.

......................................................
સર્કલ ઓફીસરની સહી/નામ/સિકકો

# <u>ચેકલીસ્ટ (મુદાનં.૧૮)</u>
# <u>જમીનની બીનખેતી ઉપયોગ કરવાની પરવાનગી મેળવવા અંગે</u>

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે)

| અ.નં. | વિગત | હા/ના/ લાગુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧. | અરજીપત્રક (પરિશિષ્ટ–૧/૧૮) | | |
| ૨. | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩. | યુ. એલ. સી. નું સોગંદનામું (પરિશિષ્ટ–૨/૧૮) | | |
| ૪. | દંડની રકમ ભરવા અંગેનું સંમતિપત્રક (પરિશિષ્ટ–૩/૧૮) | | |
| ૫. | નમુનો– ૮અ– ખાતાનંબર | | |
| ૬. | ગામ નમુના નંબર–૬ની નોંધોની નકલો તમામ | | |
| ૭. | ૭/૧૨ ૧૯૫૧–૫૨ થી | | |
| ૮. | જમીન પ્રીમીયમ પાત્ર હોય તો રકમ ભરાયાના આધાર / હુકમ | | |
| ૯. | બોજો હોય તો તે કમી થયાના આધાર | | |
| ૧૦. | ટી.પી. ફાળવી પત્રકની વિગતો એફ ફોમ / અન્ય આધાર | | |
| ૧૧. | વિકાસ પરવાનગીનો પત્ર | | |
| ૧૨. | લે– આઉટ / નકશા | | |
| ૧૩. | શરતભંગ બદલ કોઈ કાર્યવાહી થયેલ છે? તેના આધાર / હુકમ | | |
| ૧૪. | કોઈ લીટીગેશન / અપીલ / રીવીઝન ચાલુ છે? તેના આધાર | | |
| ૧૫. | રેલવે ઓથોરીટીનું ના વાંધા પ્રમાણપત્ર | | |
| ૧૬. | પેટ્રોલ પંપ, ઘંટી,સીનેમા, થીયેટર, વિગેરેનું બાંધકામ હોય તો સક્ષમ અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર | | |
| ૧૭. | ઈન્ડીયન એકસ્પ્લોઝીવ એકટ અન્વયે જિલ્લા મેજીસ્ટ્રેટ / સક્ષમ અધિકારીશ્રીનું ના વાંધા પ્રમાણપત્ર | | |
| ૧૮. | સિવિલ એવીએશન ખાતાનું ના વાંધા પ્રમાણપત્ર | | |
| ૧૯. | ઔધોગિક હેતુ માટે મંજુરી માગેલ હોય તો ઉધોગ અધિકારીશ્રીનું ના વાંધા પ્રમાણપત્ર. | | |
| ૨૦. | અરજદારના બે ફોટોગ્રાફ | | |
| ૨૧. | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ :

.................................

તારીખ: અરજદારની સહી / નામ

**ખાસનોંધ:** **ચેકલીસ્ટના કોલમ માં "હા / ના અથવા લાગુ પડતું નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાનનંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એકપણ મુદાની પુર્તતા બાકી હશે તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વિકાર્યુ

......................................

જનસેવા કેન્દ્ર ફરજ પરના

કર્મચારીની સહી/નામ/સિક્કો/તારીખ